# કિસાન માધ્યમિક વિદ્યાલયમાં સ્વ-શિક્ષક દિનની ઉજવણી

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।

गुरुःसाक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

5મી સપ્ટેમ્બર એટલે “રાષ્ટ્રીય શિક્ષક દિન”. મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વર્ગસ્થ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમના જન્મદિવસએ શિક્ષક દિન તરીકે ઉજવાય છે.

કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા માં તારીખ 5 સપ્ટેમ્બર 2022 ના રોજ સ્વ-શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી . સ્વ-શિક્ષક દિને શાળાના આશરે 120 વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમાં ભાગ લઈ શિક્ષક તરીકે વર્ગમાં શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું . સમગ્ર દિવસના શૈક્ષણિક કાર્ય બાદ વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો અને પોતે કરેલ શૈક્ષણિક કાર્યના અનુભવો અન્ય વિદ્યાર્થીઓ ને જણાવ્યા હતા. સ્વ-શિક્ષક દિને શાળામાં શ્રેષ્ઠ શિક્ષક સ્પર્ધા નું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર જોશી ક્રિશા સુભાષચંદ્ર ધોરણ 10B , દ્વિતીય નંબર સિસોદિયા વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ ધોરણ 10A , તૃતીય નંબર પટેલ યુગ અશોકભાઈ ધોરણ 10A અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર પટેલ ધ્રુવ ચિરાગકુમાર ધોરણ 11 A , દ્વિતીય નંબર- ડબગર માનસી જીતેન્દ્રભાઈ ધોરણ 12E , તૃતીય નંબર પટેલ પ્રીતકુમાર ચંપકભાઈ ધોરણ 11 C એ મેળવેલ છે

સદર પ્રવૃત્તિ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી નિરવકુમાર ગિરિશચંદ્ર ત્રિવેદી અને માધ્યમિક વિભાગના શ્રીમતી જીજ્ઞાબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી હિતેશકુમાર વાય પટેલ , શાળા મંડળના પ્રમુખ શ્રી મૌલિક કે પટેલ તેમજ સમગ્ર સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.







